# Economic Times (Gujarati)

## JK Paper Q4 net profit surges 30% to Rs 73 cr

**Date: 16/05/2018 | Edition: Mumbai | Page: 4 | Source: Bureau | Clip size (cm): W: 7 H: 5**

India Media Monitor

**Clip: 1 of 1**

### જેકે પેપરનો Q4 ચોખ્ખો નફો 30% વધીને ₹73 કરોડ થયો

**નવી દિલ્હી:** જેકે પેપરે માર્ચમાં સમાપ્ત થયેલા ક્વાર્ટરમાં સ્વતંત્ર ચોખ્ખા નફામાં ૩૦.૯૮ ટકાનો વધારો નોંધાવતાં તેનો ચોખ્ખો નફો ₹૭૩.૯૦ કરોડ થયો હતો. ખાસ કરીને વોલ્યુમ ગ્રોથ અને વધુ સારા ઓપરેટિંગ માર્જિનથી નફામાં વધારો થયો હતો. કંપનીએ ગયા વર્ષના માર્ચ ક્વાર્ટરમાં ₹૫૬.૩૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાયો હતો. ક્વાર્ટર દરમિયાન કુલ આવક ₹૭૫૯.૧૨ કરોડ નોંધાઈ હતી જ્યારે અગાઉના વર્ષના સંબંધિત ગાળામાં કુલ આવક ₹૭૪૩.૪૪ કરોડ હતી. જેકે પેપરે કહ્યું કે ૧ જુલાઈ ૨૦૧૭થી જીએસટી લાગુ થયો હોવાના કારણે માર્ચમાં સમાપ્ત થયેલા ક્વાર્ટર અને વર્ષના આંકડા સરખાવી શકાય તેમ નથી. ચોથા ક્વાર્ટરમાં કુલ ખર્ચ ₹૬૪૭ કરોડ થયો હતો. બીએસઈ પર શેર ૦.૦૭ ટકા ઘટીને ₹૧૪૮.૪૫ પર બંધ આવ્યો હતો.